### શારદીય નવરાત્રીના આરંભ પૂર્વે યાત્રાધામે ભક્તોની ભીડ જામી

## પાવાગઢ ખાતે મહાકાળી માતાજીની જ્યોત લેવા એક લાખ ઉપરાંત માઈ ભક્તો ઉમટ્યા





**હાલોલ :** સુપ્રસિદ્ધિ યાત્રાધામ પાવાગઢ ડુંગર ખાતે ડુંગરની ટોચ પર બિરાજમાન મહાકાળી માતાજીની આસો નવરાત્રી તેમજ ચૈત્રી નવરાત્રિમાં આરાધના કરી પૂજા અર્ચના કરવાનો અને માતાજીના દર્શન કરી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરવાનો મહિમા અને શ્રદ્ધા ભાવ છે જેને લઈને દર વર્ષે આસો અને ચૈત્રી નવરાત્રીમાં ગુજરાત સહિત આંતર રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ માઈ ભક્તો મહાકાળી માતાજીના દર્શનાર્થે પધારી માતાજીની આરાધના કરી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરતા હોય છે જેમાં આસો નવરાત્રિના પર્વને અનુલક્ષીને મહાકાળી માતાજીના મંદિરેથી માતાજીની જ્યોત (દીવો) લઈ જઈને તે જ્યોત પોતાના ગામો શહેરોમાં લઈ જઈ આસો નવરાત્રિના નવ દિવસ મહાકાળી માતાજીની જ્યોતની પૂજા અર્ચના કરી આસો નવરાત્રીની ઉજવણી કરી માતાજીની આરાધના કરી માતાજીના ગરબા રમતા હોય છે બે થી ત્રણ દિવસ અગાઉ હજારો લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો માતાજીના મંદિરે માતાજીની જ્યોત લેવા માટે અને માતાજીના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા.

### કમિશન વધારવા મુદ્દે દાહોદ જિલ્લાના સસ્તા અનાજના વેપારી ઓફરી લડી લેવાના મૂડમાં

## 97 ટકા વિતરણનો નિયમ નાબૂદ કરવાની માંગ સાથે પરમીટ બંધ કરવાની ચીમકી

(પ્રતિનિધી) દાહોદ, તા.1
ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન તથા ગુજરાત ફેર પ્રાઈસ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસિએશન દ્વારા મિનિમમ 20,000 કમિશન મેળવવામાં બાધા બનતી સત્તાણું ટકા વિતરણની શરત નાબુદી તથા વેપારી ભાઈઓને 100 કિલો અનાજના વિતરણના બદલામાં મળતું એક રૂપિયો અને 50 પૈસા કમિશન બમણું કરી અને ત્રણ રૂપિયા કરી આપવાની માંગણી સાથે આવતીકાલથી શરૂ થતા ઓક્ટોબર માસની પરમીટ જનરેટ ન કરવી તથા જથ્થો ન ઉપાડવો અને વિતરણથી અળગા રહેવું આવી જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતમાં દાહોદ જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારો પણ જોડાનાર છે. આ જાહેરાત રાજ્યના ૧૭ હજાર દુકાનદારોના હિતાર્થે છે માટે રાજ્યના દરેક દુકાનદાર ભાઈઓએ આ અપીલને સાથ આપી અને એક સાથે મળી અને આ માંગણીઓને સંતોષવા માટે પોતાનું સમર્થન આપવાનું છે

મિનિમમ 20,000 કમિશનની આપણી માંગ પૂર્ણ રીતે સ્વીકારેલ નથી જેના માટે રાજ્યના દુકાનદારોને ફરીથી આહવાન કરવામાં આવે છે. આ બાબતે બન્ને એસોસીએશનના હોદેદારો અને પ્રમુખ મંત્રીઓએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યના સસ્તા અનાજના હતા, પરીપત્રમાં ફક્ત ૩૦૦ કાર્ડ સુધીની દુકાનદાર ભાઈઓ ખૂબ જ નજીવા કમિશનથી કામ કરી રહ્યા છે.

આ કમિયા ઘર ચલાવવું એ લગભગ શક્ય નથી પરંતુ છતાં પણ વેપારી ભાઈઓ જેમતેમ કરી અને જાહેર વિતરણ વ્યવસ્થા ની અંતિમ કડી એવી સસ્તા અનાજની દુકાનો ચલાવી રહ્યા છે

બંને એસોસિએશનના પ્રમુખઓ દ્વારા આવનારા ઓક્ટોબર માસ માટે ગુજરાત રાજ્યના કોઈ પણ વેપારી ભાઈઓએ પરમિટ જનરેટ ન કરવી જલણ જનરેટ ન કરવા નાણાનુ ચૂકવણુ ન કરવું એવો નિર્ણય કરવામાં આવ્યો છે આ માટે વ્યવસ્થિત કાર્યક્રમ કડીને તાલુકા તથા જિલ્લાકક્ષાએ અને રાજ્યકક્ષાએ આવેદનો આપવામાં આવશે અને જ્યાં સુધી વેપારી ભાઈઓની આ થશે ખૂબ જ અન્યાયી અને વિસંગતતા ભરેલી આવી શરતના કારણે પડતર માંગણીઓ એમાં ખાસ કરીને વેપારીભાઈઓ વળતર થી વંચિત રહ્યા આવી અન્યાયકારી શરતી દૂર કરવા માટે મિનિમમ કમિશન મેળવવા માટે સત્તાનું ટકા ફરજિયાત વિતરણની શરત નાબુદી અને કમિશનમાં વધારાની માંગણી મુકવામાં આવશે.

### ગંભીર અકસ્માતમાં ટ્રકનો કચ્ચરઘાણ નિકળ્યો, બે ઇજાગ્રસ્ત

## દાહોદ જિલ્લાના જાલત ગામે અમદાવાદ ઈન્દોર હાઈવે પર બે ટ્રક વચ્ચે અકસ્માત

(પ્રતિનિધી) દાહોદ, તા.1
ગત મોડી રાતે દાહોદના જાલત ગામ નજીક અમદાવાદ-ઈન્દોર હાઈવે પર અવંતિકા રિસોર્ટ નજીક બે ટ્રક એક બીજા સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો, બે ટ્રક વચ્ચે અકસ્માત થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા.

અને અકસ્માતમાં ઘાયલ ક્લિનરને બહાર કાઢવા અન્ય ટ્રક ચાલક પોતાની ટ્રક રોડની સાઈડમાં ઉભી કરીને ઈજાગ્રસ્ત ક્લિનરને ટ્રકમાંથી બહાર કાઢવા મદદે ગયો હતો, તે સમય દરમિયાન મદદ ગયેલા ટ્રક ચાલકની ટ્રકને અન્ય એક ટ્રકે ધડાકાભેર ટક્કર મારતા



ટ્રકને મોટુ નુકસાન થયુ હતુ, ઘટનાની જાણ 108 એમ્બ્યુલન્સ ને કરતા એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચીને ઈજાગ્રસ્ત ક્લિનરને સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલ ખસેડાયો હતો.

જાલત ગામે હાઈવે પર અકસ્માત સર્જાયો હોવાની માહિતી મળતા દાહોદ ડિવિઝનના ડીવાયએસપી જગદીશ ભંડારી પોલીસ સ્ટાફ સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને નેશનલ હાઈવે ઓથોરિટી ને જાણ કરતા નેશનલ હાઈવે ના કર્મચારીઓ પણ ક્રેન સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા ને ટ્રેનની મદદથી અકસ્માત થયેલી બંને ટ્રકોને સાઈડમાં ખસેડીને રસ્તો પુનઃ ચાલુ કરવામાં આવ્યો હતો.

### લીમખેડાની કાચલા ફળિયા વર્ગ રઈ પ્રા.શાળાના શિક્ષકનો વિદાય સમારંભ

(પ્રતિનિધી) લીમખેડા, તા.1
લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રના સી.આર.સી. બારમાં આવેલી કાચલા ફળિયા વર્ગ રઈ પ્રાથમિક શાળાના શિક્ષક ની બદલી થતાં વિશાલભાઈ શામળદાસ પટેલનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમમાં સેવા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ બારના હોદ્દેદારો, સભ્યો, સી.આર.સી.કો. ઓર્ડીનેટર,તાલુકાની વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકો,પગાર કેન્દ્રની શાળાઓમાંથી સારસ્વત ભાઈઓ-બહેનો,એસ.એમ.સી.નાં સભ્યો, ગ્રામપંચાયતના સભ્યો, ગ્રામજનો, યુવાનો,વડીલો હાજર રહ્યા હતા. સતત 20 વર્ષથી એક જ શાળામાં નોકરી કરનાર શિક્ષક વિશાલભાઈની બદલી થતા વિદાય કાર્યક્રમમાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

### દાહોદના તોયણીની ઘટનાના વિરોધમાં સિંગવડ મામલતદારને આવેદનપત્ર

(પ્રતિનિધી) દાહોદ, સિંગવડ, તા.1
દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાની તોરણીની ઘટના લઈને સમગ્ર ગુજરાતમાં પડઘમ વાગી રહ્યા છે અને ભારે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે ત્યારે વિરોધ પક્ષ સહિત રાજકીય સંગઠનો દ્વારા ઘટનાને ગંભીરને ધ્યાને લઈને આવેદનપત્ર આપી ભારે વિરોધ થઈ રહ્યો છે.

ત્યારે આજે સિંગવડ ખાતે દાહોદ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ ના નેજા હેઠળ ભમરેચી માતાજી મંદિરે રણધીકપૂરથી મામલતદાર કચેરી સિંગવડ ખાતે રેલી કાઢી ભારે સૂત્રોચારો સાથે મામલતદાર સિંગવડને આવેદનપત્ર આપી ઘટનાને વખોડી નરાધમ આચાર્યને કડકમાં કડક સજા આપવામાં આપવા માંગ કરી હતી. આવેદનપત્ર આપવા માટે મામલતદાર કચેરી ખાતે કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ સહિત ઝાલોદના પૂર્વ ધારાસભ્ય યુથ કોંગ્રેસના પ્રમુખ સહિત મામલતદાર કચેરી સિંગવડ ખાતે આવેદનપત્ર વિરોધ કર્યો હતો.

### રોડ પરના ખાડા પુરવાને બદલે વૃક્ષની ડાળીઓ મૂકી દેવાઇ

## ટીંબા પાટિયા થી કાંકણપુર તરફ જતા માર્ગમાં મોટા ખાડાથી અકસ્માતનો ભય

(પ્રતિનિધી) ગોધરા, તા.1
હાલ ચોમાસાની ઋતુ બાદ ઠેર ઠેર ખાડા પડી ગયા છે રસ્તાઓ બિસ્માર થઈ ગયા છે ત્યારે શહેરા તાલુકાના ટીંબા પાટિયા થી કાંકણપુર-ઉદલપુર તરફ જતા માર્ગમાં તાળવા પટેલ ફળિયું અને નિશાળ ફળિયા પાસે મોટા મોટા ખાડા પડી ગયા છે

આ ખાડાઓમાં પાણી ભરાઈ ગયા હોવાથી તે ખાડા દેખાતા નથી ત્યારે વાહન ચાલકો વારંવાર આ ખાડાઓમાં પડતા હોય છે જેથી સ્થાનિકો અને વાહન ચાલકો હેરાન થઈ ગયા છે આ ખાડાઓના કારણે કેટલાક બાઈક સવારો નીચે પણ પડ્યા છે

પરંતુ તંત્રને તો કઈ દેખાઈ રહ્યું જ નથી આ ખાડાઓમાં વાહન ચાલકો ના પડે એટલા માટે ખાડાઓમાં ડાળી ડાળખા મૂકી દેવાયા છે તો કામદારોને પહેરવામાં આવતા યુનિફોર્મ ડાળખીઓને પહેરાવી ઉભા



કરી દેવામાં આવ્યા છે.આ નો મતલબ શુ સમજવો ? તંત્રને ખાડા દેખાઈ છે કે નહીં ? તંત્ર આ ખાડાઓ પુરશે કે પછી લોકોને નીચે પડતા જોવાના છે ? સરકાર એક તરફ ખાડાઓ પુરવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે તો આવા મોટા ખાડાઓમાં ઉપયોગી થશે કે બીજી કોઈ અન્ય જગ્યાએ ? આ રસ્તા ઉપર આ મોટા ખાડાઓના લીધે કોઈ ઘટના બનશે તો તે માટે જવાબદાર કોણ? માર્ગ અને મકાન વિભાગ આ ખાડાઓનું સમારકામ કરશે કે કેમ એ પણ હવે જોવાનું રહ્યું છે

### દાહોદની જી પી ધાનકા મા. તથા ઉ.મા. શાળામાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી



**દાહોદ :** દાહોદની શ્રી જી પી ધાનકા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના. એન.એસ.એસ ના સ્વયંસેવકો દ્વારા સમગ્ર ભારતમાં બીજી ઓક્ટોબર દિન નિમિત્તે સ્વચ્છતા પખવાડીયું ઉજવવામાં આવે છે. તે અંતર્ગત શાળાના આચાર્ય શ્રી બાલકૃષ્ણ ચાપા સર ના માર્ગદર્શન હેઠળ તેમજ એન.એસ.એસ ના ઓર્ડિનેટર બી.બી ગઢવી સર અને એન.એસ.એસ ના સ્વયંસેવકો દ્વારા શાળા બહારના કેમ્પસમાં જાહેર રસ્તાઓમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું .તેમાં સ્વયંસેવક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીં દ્વારા કેમ્પસ તેમજ જાહેર રસ્તાઓમાં સફાઈ કરવામાં આવી હતી .

### લીમખેડાની હસ્તેશ્વર સ્કૂલમાં ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો



**લીમખેડા :** હાલ સમગ્ર ભારત દેશમાં સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી થઇ રહી છે ત્યારે દાહોદ જિલ્લો પણ તેમાંથી બાકાત નથી રહ્યો.` ૨ જી ઓક્ટોમ્બર ગાંધી જયંતી નિમિત્તે લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધીજી નું સ્વચ્છ ભારત ના સપના વિશેની ચર્ચા કરી હતી અને દરેક બાળકોને પોતાનું ઘર દલિતો અને ગામ સ્વચ્છ રાખવાના સંકલ્પ લેવડાવ્યા હતા. બાળકો દ્વારા પણ ખૂબ ઉત્સાહ સાથે શાળાના મેદાન ની સફાઈ કરી ગાંધીજીને યાદ કર્યા હતા.

### હાલોલમાં સ્વચ્છતા અભિયાન પખવાડિયાની ઉજવણી અંતર્ગત સ્વચ્છતા રેલીનુ આયોજન



**જાંબુઘોડા :** જાંબુઘોડામાં ભારત દેશના વડાપ્રધાન અને ગુજરાત ના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીનું સપનું હતું કે દેશમાં ગંદકી તેમજ કચરા મુક્ત ભારત કરીને સ્વચ્છ ભારત બનાવવાની ઝુંબેસ ને વેગવંતુ બનાવવા માટે આજ રોજ હાલોલ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જયદ્રથસિંહજી પરમાર ની વિશેષ ઉપસ્થિતિમાં જાંબુઘોડા વિશ્રામ ગૃહ થી સ્વચ્છતા રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું. જાંબુઘોડા નગરમાંથી એક ટ્રેક્ટર થી પણ વધારે પ્લાસ્ટિક નો કચરો એકત્ર કરીને જાંબુઘોડા ના સ્વચ્છ બનાવવામાં આવ્યો હતું તેમજ નગરજનો ને સ્વચ્છતા રાખવામાં માટે ખાસ અપીલ કરવામાં આવી હતી.

### આર્ટ્સ કોલેજ લીમખેડા ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન કાર્યક્રમનુ આયોજન



**લીમખેડા :** લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટસ કોલેજ લીમખેડામા એન.એસ.એસ વિભાગ દ્વારા આજ રોજ સંસ્થાના ઇન્ચાર્જ આચા પ્રા. વિનીતા બેન શર્માના અધ્યક્ષ સ્થાને સ્વચ્છતા હી સેવા અંતર્ગત કોલેજ કેમ્પસમાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો એન.એસ.એસ સ્વયંસેવકો દ્વારા કોલેજ ઓફિસ , વર્ગખંડો તેમજ કેમ્પસ પરિસરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં એન.એસ.એસ સિવાયના અન્ય વિદ્યાર્થી પણ ખૂબ મોટી સંખ્યામાં આ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા જોડાયા હતા.